Extra No. 351

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, SEPTEMBER 29, 2025 / ASVINA 7, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.પીઓએલ(૧)/વશી/૫૭૪૧-૭૮/૨૦૨૫.-આગામી તા.૨૨/૦૯/૨૦૨૫ થી તા.૦૧/૧૦/૨૦૨૫ સુધી નવરાત્રી તથા તા.૦૨/૧૦/૨૦૨૫ ના રોજ દશેરા તહેવારની ઉજવણી કરવામાં આવનાર હોય આ દરમ્યાન જાહેર માર્ગ ઉપર આવતા-જતા વાહનો તથા રાહદારીઓને રોકી તેઓની પાસેથી બળજબરીથી પૈસા ઉઘરાવવા તેમજ અન્ય ત્રાસદાયક કૃત્યોથી અડચણ, ત્રાસ કે ઈજા પહોચે તેવી શકયતા રહેલી છે અને આવા કારણોસર બખેડો, હુલ્લડ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ શકયતા રહેલી છે તેમજ કોઈ વ્યકિત, જાહેર જનતાને બહુજન સમુદાયને હાની, ભય અથવા ત્રાસ પહોંચે તેવું અથવા સાર્વજનિક અધિકાર ભોગવવા સમયે કોઈ વ્યકિતને જે કૃત્યથી હાની, ભય, અડચણ કે, ત્રાસ થાય તેવુ કૃત્ય થતુ અટકાવવુ જરૂરી છે. જાહેર સ્થળે અશ્લિલ ગીતો ગાય, સંભળાવે, અશ્લિલ શબ્દો ઉચ્ચારે, ઈશારા કરે વિગેરે અશ્લિલ કૃત્યો થતા અટકાવવા જરૂરી છે. તેમજ જાહેર જનતા, સીનીયર સીટીઝન, દર્દી, શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ તેમજ આજુબાજુ રહેતી જાહેર જનતાને અગવડ પડે તેવા કૃત્યો થતા અટકાવવા અને જાહેર ઉપદ્રવ થતો અટકાવવો જરૂરી હોય, -નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવવા પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદનાઓના કતા.૧૮/૦૯/૨૦૨૫ ના પત્ર ક્રમાંક.એલઆઈબી/નવરાત્રી-દશેરા/જાહેરનામું/૧૨૦૯/૨૦૨૫ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ખેડા જિલ્લાના હદ વિસ્તારમાં તા.૨૨/૦૯/૨૦૨૫ થી તા.૦૨/૧૦/૨૦૨૫ (બંને દિવસો સુધ્ધાંત) સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું,

પ્રતિબંધિત કૃત્ય:-

આગામી તા.૨૨/૦૯/૨૦૨૫ થી તા.૦૨/૧૦/૨૦૨૫ દરમ્યાન નવરાત્રી-દશેરા તહેવાર દરમ્યાન જાહેર માર્ગ ઉપર આવતા-જતા વાહનો તથા રાહદારીઓને રોકી તેઓની પાસેથી બળજબરીથી પૈસા ઉઘરાવવા તેમજ અન્ય ત્રાસદાયક કૃત્યોથી અડચણ, ત્રાસ કે ઈજા પહોચે તેવી શકયતા રહેલી છે અને આવા કારણોસર બખેડો, હુલ્લડ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ શકયતા રહેલી છે તેમજ કોઈ વ્યકિત, જાહેર જનતાને બહુજન સમુદાયને હાની, ભય અથવા ત્રાસ પહોચે તેવું અથવા સાર્વજનિક અધિકાર ભોગવવા સમયે કોઈ વ્યકિતને જે કૃત્યથી હાની, ભય, અડચણ કે, ત્રાસ થાય તેવુ કૃત્ય થતુ અટકાવવુ જરૂરી છે. જાહેર સ્થળે અશ્લિલ ગીતો ગાય, સંભળાવે, અશ્લિલ શબ્દો ઉચ્ચારે, ઈશારા કરે વિગેરે અશ્લિલ કૃત્યો કરવા તથા જાહેર જનતા, સીનીયર સીટીઝન, દર્દી, શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ તેમજ આજુબાજુ રહેતી જાહેર જનતાને અગવડ પડે તેવા કૃત્યો કરવા.

વિસ્તાર:-

સમગ્ર ખેડા જિલ્લો વિસ્તાર.

શિક્ષા:-

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તથા ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૦/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:32:25 IST